GJSR010027682026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૬.૦૨.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૨૬.૦૨.૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૧૧.૦૩.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ<br>૦ ૦ ૦૬ |

આંક–..........

**મહેરબાન સુરતના બીજા અધિક એડીશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ,સુરત.**

**ક્રિમી.આગો.જામીન અ.નં. ૧૫૩૦/૨૦૨૬**

**અરજદાર/આરોપીઃ** **પ્રિન્સ રામસુરેશ પાંડે.**
ઉ.વ.૩૨, ધંધો-વેપાર,
રહે-૨૯૩, ઈશ્વરનગર, બમરોલી રોડ, પાંડેસરા,
ચોર્યાસી, પોલીસ કોલોની પાસે, બમરોલી, સુરત-
૩૯૪૨૧૦.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિષયઃ–** **બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવાની અરજી...**

અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.એસ.ચૌધરી
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી યુ.એ.પાટીલ.
વીથ પ્રોસીક્યુશન વિ.વ.શ્રી પી.પી.પાટડીયા.

## ચૂકાદો

(૧) અરજદાર–આરોપીની સુરત શહેર પાંડેસરા પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૪૫૨૬૦૬૨૪/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે પોલીસ ધરપકડ કરે ત્યારે જામીન ઉપર મુકત થવા માટે સબબ બી.એન.એસ.ની કલમ–૪૮૨ અન્વયે હાલની આગોતરા જામીન અરજી કરેલી છે.

૨) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, સદરહું કામમાં એફ.આઇ.આર. જોવામાં આવે તો અરજદાર/આરોપીને આરોપી નં.૧ તરીકે દર્શાવવામાં આવેલ છે. ફરિયાદી અને અરજદાર/આરોપી વચ્ચે આજદિન સુધી કોઇ પણ નાણાંકીય વ્યવહાર થયેલ નથી કે અરજદાર/આરોપીએ આજદિન સુધી ફરિયાદી કે તેનાં કુટુંબ પરિવાર સાથે કોઇ પૈસાની માંગણી કરેલ નથી. જેથી ફરિયાદીએ એક ટુંકો રસ્તો અપનાવી અરજદાર/આરોપી તેમજ અન્યો ઉપર ખોટું દબાણ ઉભું કરવા હાલની ફરિયાદ આપેલ હોવાનું ફરિયાદ હકીકત ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે. ફરિયાદીની ફરિયાદ હકીકત ધ્યાનમાં લઇએ તો હાલના અરજદાર/આરોપીએ ફરિયાદીને

તમાચો મારેલ હોવાની હકીકત ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જાહેર કરેલ છે અને ફરિયાદીએ પ્રાથમિક સારવાર મેળવેલ હોવાનું ફરિયાદ ઉપરથી ફલિત થાય છે. જેથી સદરહું કામમાં ફરિયાદીને કોઇ ગંભીર ઈજા અરજદાર/આરોપી દ્વારા પહોંચાડવામાં આવેલ નથી. આ ઉપરાંત અરજદાર/આરોપી દ્વારા ફરિયાદી ઉપર હથિયાર વડે હુમલો કરેલ નથી. સદર ગુનાના ઈજા પામનાર ડીસ્ચાર્જ થઇ ગયેલ છે. હાલના અરજદાર/ આરોપીનો ગુનોહિત ઈતિહાસ નથી. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને આગતોરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી આંક–૩ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

૩) સદર કામે સરકાર તરફે વાંધા અભિપ્રાય આંક–૪ થી રજુ થયેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી અરજી સામે વાંધો લઈ જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીએ એકસંપ થઈ ઈજા પામનાર સાહેદને ગંભીર ઈજા પહોંચાડેલ હોય તેઓની સદર ગુનામાં મુખ્ય ભુમિકા રહેલી છે. ઝધડાની શરૂઆત આરોપીએ કરેલ છે અને બનાવ સમયે હાલના અરજદાર/આરોપીની હાજરી છે. સદર ગુનાના અન્ય આરોપીઓને પકડવાનાં બાકી છે અને હાલના અરજદાર/ આરોપીની હાજરીથી તપાસ થઈ શકે તેમ છે. અરજદાર/આરોપીને

આગોતરા જામીન પર મુકત કરવામાં આવે તો ગુનાની તપાસને નુકશાન પહોંચાડે તેમ છે અને ફરિયાદી/સાહેદોને પ્રલોભન અથવા ધાક–ધમકી આપી સુલેહ શાંતિનો ભંગ કરી/કરાવી તેમજ સાક્ષી પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા રહેલી છે. અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવામાં આવે તો નાસી ભાગી જઈ ટ્રાયલ સમયે હાજર ન રહે તેવી પણ પુરેપુરી શકયતા છે. તેથી હાલની જામીન અરજીના અરજદાર/ આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરવાની અરજી નામંજૂર કરવા રજુઆત કરેલ છે.

વધુમાં વીથ પ્રોસીકયુશન ફરિયાદીનું સોગંદનામુ આંક-૭ અને ફરિયાદીએ દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ આંક-૮ થી રજૂ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

૪) પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. જામીન અરજી, તે સાથેના દસ્તાવેજો, ફરિયાદીનું સોગંદનામુ, તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય તથા તપાસના કાગળો વંચાણે લીધા.

૫) પોલીસ પેપર્સ ધ્યાને લેતાં જણાય છે કે, હાલના અરજદાર/આરોપીએ અન્ય આરોપી સાથે મળી ફરિયાદીને ઈજા પહોંચાડેલ. આમ, આરોપીની તપાસના કામે હાજરી અનિવાર્ય છે. જેથી જરૂરી પંચનામા, મુદ્દામાલ વિ. બાબતની તપાસ આરોપીને સાથે રાખી

થઇ શકે તેમ છે. જેથી હાલના અરજદાર/આરોપીની હાજરીથી તપાસ આગળ વધી શકે તેમ છે. હાલના અરજદાર/આરોપીની ઓળખ બાબતે તપાસ કરવાની થાય છે તે આરોપીની હાજરીથી થઇ શકે તેમ છે એટલે કે આરોપીની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરૂર જણાય છે. આમ, અરજદારની રજુઆતો માની શકાય તેવી નથી. જેથી અરજદાર/ આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત્ત જણાતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-- હુકમ :--**

અરજદાર/આરોપી- **પ્રિન્સ રામસુરેશ પાંડે**, રહે-૨૯૩, ઇશ્વરનગર, બમરોલી રોડ, પાંડેસરા, ચોર્યાસી, પોલીસ કોલોની પાસે, બમરોલી, સુરતનાઓને સુરત શહેર પાંડેસરા પોલીસ સ્ટેશન પાર્ટ-એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૪૫૨૬૦૬૨૪/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ ના કામે અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧ મી, માહે-માર્ચ, સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧.૦૩.૨૦૨૬.
સુરત.
KPP

(રાકેશ રજનીકાંત ભટ્ટ)
બીજા અધિક સેશન્સ જજ, સુરત.
Code No. G.J.00608.